


# પરિવર્તન પાર્ટીના 'બેટ' સામે ભાજપનો વાંધો

## ચૂંટણી પંચ ધારાધોરણનો ભંગ થયો હોવાથી બેટનું પ્રતિક રદ કરવા પંચની સમક્ષ ભાજપ દ્વારા ઉગ્ર રજૂઆત કરાઈ



અમદાવાદ, તા. ૨૬

કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા ગુજરાત પરિવર્તન પાર્ટીને ફાળવવામાં આવેલા 'બેટ'ના ચૂંટણી પ્રતિકમાં ચૂંટણી પંચની શરતોનો ભંગ થયો હોવાથી ભારતીય જનતા પાર્ટીએ ગુજરાત પરિવર્તન પાર્ટીનું ચૂંટણી પ્રતિક રદ કરી તેના તમામ ઉમેદવારોને અપક્ષ ઉમેદવાર તરીકે ગણવા ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરી છે.

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા નિર્મલા સીતારમન તથા પ્રદેશ ચૂંટણી લીગલ સેલના કન્વીનર પરેન્દુ ભગતે આજે પત્રકારોને જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે મુખ્યત્વે બે શરતોને આધિન ગુજરાત પરિવર્તન પાર્ટીને ચૂંટણી પ્રતિકની ફાળવણી કરી હતી. જેમાં પક્ષના ઉમેદવારે ફોર્મ એ અને બી ભરી સીધા ચીફ કલેક્ટ્રોલ ઓફિસર સમક્ષ જમા કરાવવું તથા પક્ષે કેટલા ઉમેદવારો ચૂંટણી લડશે તેની જાણકારી આપવા જણાવ્યું હતું.

ગુજરાત પરિવર્તન પાર્ટીએ છેલ્લી ઘડીએ ઉમેદવારોની જાહેરાત કરી હોવાથી એ અને બી ફોર્મ મુખ્ય ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાને બદલે સીધુ રિટર્નીંગ ઓફિસર સમક્ષ રજુ કર્યું હતું. આ ઉપરાંત પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પણ તમામ નામ જાહેર કરવા જણાવ્યું હતું. જેમાં ચૂંટણીપંચના આદેશનો અમલ થયો નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભાવનગર પશ્ચિમના ચૂંટણી અધિકારીએ ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારનું ઉમેદવારી પત્ર સ્વીકારી તો લીધું પરંતુ પ્રતિકની ફાળવણી કરવી કે કેમ તે અંગે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ઉપર આ નિર્ણય છોડી દીધો હતો. રિટર્નીંગ ઓફિસર સમક્ષ લેખિત ફરિયાદ કરી જીપીપીના ઉમેદવારને ચૂંટણી પ્રતિક નહિ ફાળવવાની ધારદાર લેખિત રજૂઆતો કરી છે અને ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારોને અપક્ષ ઉમેદવાર તરીકે ગણવાની માગણી પણ કરી છે. પ્રદેશ ભાજપ દ્વારા પણ આજે ચૂંટણી પંચ સમક્ષ સત્તાવાર ફરિયાદ કરવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

## કોંગીના બે ઉમેદવારાને મેન્ડેટ પૂરા પડાયા હતા

### ગણદેવીમાં ભારતીબેનનું ફોર્મ માન્ય રખાયું

અમદાવાદ, તા. ૨૬

ગણદેવીમાં કોંગ્રેસના બે ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. અને બંનેને મેન્ડેટ અપાયા હતા. જેમાં ધારાસભ્ય કુંવરજી હળપતિનું ફોર્મ રદ થયું હતું. અને કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર તરીકે ભારતીબેન પટેલનું ફોર્મ માન્ય રહ્યું હતું. આ કિસ્સો પણ રસપ્રદ છે. ગણદેવીના કેટલાક કોંગ્રેસી કાર્યકરોએ કુંવરજીભાઇ સામે વિરોધ કરતાં ઉમેદવારી કાર્યકરોએ કુંવરજીભાઇ સામે વિરોધ કરતાં ઉમેદવારી ભરવાની છેલ્લી ઘડીએ કુંવરજીભાઈનો સંપર્ક થતો ન હતો એટલે કોંગ્રેસે કલ્પનાબેનને ઉમેદવારી ફોર્મ ભરવા કહ્યું હતું.

ભારતીબેન પટેલ તો ડમી તરીકેના ઉમેદવાર હતા. અને એક વધારો મેન્ડેટ તેમને આપ્યો હતો. જેમાં ભારતીબેન તે મેન્ડેટનો ઉપયોગ કરીને પોતાનું ફોર્મ ભરી દીધું હતું. બીજી બાજુ કુંવરજી હળપતિએ પણ ચૂપચાપ આવીને ભારતીબેન પહેલા જ મેન્ડેટ સાથેનું ફોર્મ ભરી દીધું હતું. એટલે કોંગ્રેસના એક જ બેઠક પર બે સત્તાવાર ઉમેદવારો બન્યા હતા. ભારતીબેને મેન્ડેટ સાથે છેલ્લું ફોર્મ ભર્યું હોવાથી તેમનું ફોર્મ માન્ય રહ્યું હતું. હવે કોંગ્રેસ ભારતીબેનને નોટિસ આપી છે.

### ભાજપની ફરિયાદ બાદ વાંધો ઉઠાવાયો હતો

## માંગરોળમાં કોંગ્રેસ ઉમેદવાર તેજસનું ફોર્મ અંતે માન્ય રહ્યુ

### કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદના પુરાવા આપવા કહ્યું હતુ : તેજસ પુરાવાઓ ન આપી શકતા મામલો ગુંચવાયો હતો

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારના ફોર્મની ચકાસણી આજે હાથ ધરવામાં આવી હતી. જેમાં સુરતના માંગરોળ બેઠક પરના કોંગ્રેસના ઉમેદવાર તેજસ અમરસિંહભાઈ ચૌધરીનું ઉમેદવારી ફોર્મ ક્ષુલ્લક કારણોથી રદ કરવાના પ્રયાસો થતાં કોંગ્રેસના ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલે દિલ્હી ચૂંટણી પંચને રજુઆત કરીને ચૌધરીનું ફોર્મ માન્ય કરાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ માંગરોળના કોંગ્રેસના ઉમેદવાર તેજસ અમરસિંહભાઈ ચૌધરીએ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. કોંગ્રેસ દ્વારા મેન્ડેટ પણ અપાયો હતો. આજે ઉમેદવારી ફોર્મની ચકાસણી દરમિયાન ભાજપે અરજી આપીને એવો વાંધો લીધો હતો કે તેજસ ચૌધરી કોંગ્રેસના પ્રાથમિક સભ્ય છે કે કેમ ? તેની તપાસ કરો. રિટર્નીંગ અધિકારી આર. આર. વઘાસીયાએ તેજસને પ્રાથમિક સભ્યપદના પુરાવા રજુ કરવા સૂચના આપી હતી પણ તેજસ પાસે કોંગ્રેસના સભ્યપદની રસીદ નહોતી. આ મામલે કોંગ્રેસના ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલે રિટર્નીંગ અધિકારી વઘાસિયાને ટેલિફોનિક રજુઆત કરતાં વઘાસિયાએ ફોન કાપી નાંખ્યો હતો. એટલે બાલુબાઈએ ચૂંટણી પંચના અધિકારી અશોક માણેક તેમજ જિલ્લા કલેક્ટરને એવી રજુઆત કરી હતી કે મેન્ડેટમાં પ્રાથમિક સભ્યનો ઉલ્લેખ કરાયેલો જ છે. પણ યોગ્ય પ્રતિસાદ ન મળતાં કોંગ્રેસે કેન્દ્રીય ચૂંટણીપંચના ડે. ઈલેક્શન કમિશનરને રજુઆત કરીને ઉમેદવારી ફોર્મ ચકાસણીને હવે ૧૦ મિનીટ જેટલો જ સમય બાકી છે. અને રીટર્નીંગ અધિકારી ખોટો નિર્ણય લઈ રહ્યા છે. તેમ કહેતા કેન્દ્રીય ચૂંટણી પંચે જિલ્લા કલેક્ટરને સૂચના આપતા અંતે તેજસ ચૌધરીનું ઉમેદવારીપત્ર માન્ય રહ્યું હતું.

## ગુજરાતમાં ઊંચું મતદાન થશે : ચૂંટણીપંચને આશા

અમદાવાદ,તા. ૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઊંચું મતદાન થાય તેની ખાતરી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. પ્રથમ તબક્કામાં ૧૩મી ડિસેમ્બર અને બીજા તબક્કામાં ૧૭મી ડિસેમ્બરે મતદાન યોજાશે. મત ગણતરીની પ્રક્રિયા ૨૦મી ડિસેમ્બરે યોજાનાર છે.

ચૂંટણી પંચ દ્વારા ઊંચું મતદાન થાય તેની ખાતરી કરવા લોકોમાં જાગૃતિ ઝુંબેશ પણ જગાવવામાં આવી છે. ગુજરાતમાં હમેશા ખૂબ ઊંચું મતદાન થતું રહ્યું છે.

ચૂંટણી પંચને આશા છે કે આ વખતે પણ ખૂબ ઊંચું મતદાન થશે. ચૂંટણી પંચ ત્રણ બાબતો પણ મુખ્ય રીતે કામ કરી રહ્યું છે જેમાં માહિતી, ઉત્સાહ વધારવા માટેની બાબત અને સુવિધાનો સમાવેશ થાય છે. કેટલાક સ્ટાર લોકોને પણ મતદાન ઊંચું થાય તે માટે રોકવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપ અને અન્ય રાજકીય પક્ષો પણ પોતપોતાની રીતે ઊંચા મતદાનની ખાતરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે.

## બળવાખોરીને ખાળવા ઉમેદવારોની બીજી યાદી જાહેર કરવા કોંગ્રેસે રણનીતી બદલવી પડી

### ૯૫ બેઠકો માટે ઉમેદવારોને પહેલા મેન્ડેટ અપાશે : યાદી બીજા દિવસે જાહેર કરાશે

ગાંધીનગર, તા.૨૬

ટીકીટ ફાળવણીને લઈને કોંગ્રેસમાં શરૂ થયેલા કકળાટને ધ્યાને રાખીને હવે કોંગ્રેસ નેતાગીરીએ બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે ઉમેદવારોની યાદી જાહેર કરવાની રણનીતી બદલવી પડી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કોંગ્રેસ દ્વારા ૫૨ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી તેની સાથે જ પક્ષના સત્તાવાર કેટલાક ઉમેદવારો સામે વિરોધનો સૂર ઉઠવા પામ્યો હતો. કાર્યકરોમાંથી એટલો વિરોધ ઉઠયો કે કેટલાક તાલુકાઓમાંથી કાર્યકરો કોર્પોરેટરોએ કોંગ્રેસમાંથી રાજીનામા આપીને ભાજપમાં જોડાઈ ગયાં.

જુનાગઢમાં તો ટીકીટ ન મળતાં નારાજ આગેવાન ગીરીશ કોટેચાએ તો પક્ષના સત્તાવાર ઉમેદવાર સામે અપક્ષ ઉમેદવારી નોંધાવી એટલું જ નહીં કોટેચાના સમર્થક મહાપાલિકાના ૨૪ કોર્પોરેટરોએ જિલ્લા પ્રમુખને રાજીનામા આપી દીધા હતા.

ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કર્યા બાદ પક્ષમાં કાર્યકરોના ઉઠેલા વિરોધની ગંભીર નોંધ લઈને કોંગ્રેસ નેતાગીરીએ બીજી ઉમેદવારોની યાદી જાહેર કરવા માટેની રણનિતી બદલવી પડી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવ્યા બાદ યાદી જાહેર કરતાં પહેલાં જિલ્લા પ્રમુખ અને ઉમેદવારોને સીધા જ ફોનથી જાણ કરી દેવામાં આવશે અને ઉમેદવારને મેન્ડેટ આપી દેવામાં આવશે એટલું જ નહીં ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસ સુધી ચુપકીદી સેવવામાં આવશે અને ૩૦મીએ સવારે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## હિન્દુ રાષ્ટ્ર શક્તિએ પક્ષ પલ્ટુઓને મત ન આપવા કરેલી અપીલ

ગાંધીનગર, તા. ૨૬

હિન્દુ રાષ્ટ્રીય શક્તિનાં સરસેના નાયક બિહારીલાલ શર્માએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, ડિસેમ્બર માસમાં યોજાનાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જે લોકોએ પક્ષ બદલી ટિકિટ મેળવીને ઉમેદવારી કરી, ચૂંટણી લડી રહ્યા છે તેને ગુજરાતના સમગ્ર મતદારો જાકારો આપશે.

'આયારામ-ગયારામ'નું રાજકારણમાં કોઈપણ પ્રકારનું નૈતિક, સૈદ્ધાંતિક અને ચારિત્ર્ય હોતું નથી. એ લોકો માત્ર સ્વાર્થ અને સૌદાબાજી કરીને એક પક્ષમાંથી બીજા પક્ષમાં ગુલાંટ મારીને પોતાનો હેતુ પૂરો કરવા ખાતર જે તે પક્ષના ધ્યેયનિષ્ટ અને કર્મઠ કાર્યકરો માટે બાધારૂપ બનતા હોય છે. આવા દૂષણને ભારતીય રાજનીતિમાંથી સંપૂર્ણપણે નાશ કરવાની તક ગુજરાતનાં તમામ મતદારોએ આ વિધાનસભાની ચૂંટણીમાં ઝડપી લેવી જોઈએ.

## કોંગ્રેસે વિસાવદર બેઠક ગુમાવી : કોંગ્રેસના બંને ઉમેદવારોના ફોર્મ રદ થયા

### કેશુભાઈ પટેલ અને ભાજપના કનુભાઈ ભલાલા વચ્ચે હવે સીધો જંગ થશે

ગાંધીનગર, તા.૨૬

જુનાગઢ જિલ્લાની વિસાવદર બેઠક પર કોંગ્રેસના બંને ઉમેદવારોના ફોર્મ આજે ચૂંટણી અધિકારીએ રદ કરતાં આ બેઠક પર ભાજપના કનુભાઈ ભલાલા અને જી.પી.પી.ના કેશુભાઈ પટેલ વચ્ચે સીધો મુકાબલો જામશે. જયારે ચૂંટણી પહેલાં જ કોંગ્રેસે એક બેઠક ગુમાવવાનો વારો આવ્યો છે.

વિસાવદર બેઠક પર કોંગ્રેસમાંથી હર્ષદ રીબડીયાએ પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું જો કે પક્ષ દ્વારા તેમને મેન્ડેટ આપવામાં આવ્યો ન હતો. ૨૪મીએ ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે કોંગ્રેસે રતીભાઈ માંગરોળીયાને ઉમેદવાર તરીકે પસંદ કરતાં તેઓ ફોર્મ ભરવા ગયા હતાં તે સમયે જિલ્લા પ્રમુખના હાથમાંથી કોઈ અજાણ્યા યુવાને રતીભાઈનો મેન્ડેટ ખેંચી લઈને ફાડી નાંખ્યો હતો.

ત્યારબાદ રતીભાઈ માંગરોળીયાનો મેન્ડેટ પ્રદેશ કોંગ્રેસ દ્વારા ફેકસથી મોકલવામાં આવ્યો હતો. પરંતુ ચૂંટણી પંચ દ્વારા ફેકસ મેન્ડેટ સ્વીકારવામાં આવ્યો ન હતો અને આજે કોંગ્રેસના બંને ઉમેદવારોના ફોર્મ ચૂંટણી પંચ દ્વારા રદ કરવામાં આવ્યા હતાં.

વિસાવદર બેઠક પર કોંગ્રેસના બંને ઉમેદવારોના ફોર્મ રદ થતાં આ બેઠક પર કોંગ્રેસનો ઉમેદવાર ન રહેતાં ચૂંટણી પહેલાં જ કોંગ્રેસે એક બેઠક ગુમાવવાનો વારો આવ્યો છે.

કોંગ્રેસ દ્વારા ફેકસ મેન્ડેટ સ્વીકારવા પંચ સમક્ષ રજુઆત કરવામાં આવી હતી જો કે પંચે તેને નકારી કાઢી હતી.

કોંગ્રેસના બંને ઉમેદવારોના ફોર્મ રદ થતાં હવે કોંગ્રેસના ઉમેદવાર રતીભાઈ માંગરોળીયા હાઈકોર્ટમાં રીટ કરીને દાદ માંગનાર હોવાનું જાણવા મળે છે.

બીજી બાજુ ભાજપે જીપીપી અને કોંગ્રેસ વચ્ચે પાછલા બારણે ગોઠવણ હોવાનો આક્ષેપ કર્યો છે.

વિસાવદર બેઠક પર કોંગ્રેસનો કોઈ ઉમેદવાર ન રહેતા હવે આ બેઠક પર ભાજપના ઉમેદવાર અને એક સમયના કેશુભાઈ પટેલના જ સાથી એવા કનુભાઈ ભલાલા અને જી.પી.પી.ના અધ્યક્ષ કેશુભાઈ પટેલ વચ્ચે સીધો જંગ જામશે. આથી આ બેઠક પર સૌ કોઈની નજર મંડાયેલી છે.

## કોંગ્રેસમાં કમઠાણ

### પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયો પર નારાજ કાર્યકરોના વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદની ઘાટલોડીયા બેઠક પર કોંગ્રેસે આયાતી ઉમેદવારને ટીકીટ ફાળવાતા ઘાટલોડીયાના સ્થાનિક કાર્યકરોમાં રોષ ઉઠવા પામ્યો છે. આજે નારાજ કાર્યકરો પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય પર મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. અને સૂત્રોચ્ચાર કરી પ્રદેશ`તાગીરી સામે રોષ વ્યક્ત કર્યો હતો.

**કુંવરજી હળપતીએ આખરે પક્ષના આદેશને સીરોમાન્ય રાખ્યો**

ગણદેવી બેઠક પર કોંગ્રેસમાંથી કુંવરજી હળપતી અને ભારતીબેન પટેલે મેન્ડેટ હોવાનું જણાવીને ઉમેદવારી પત્રો ભર્યા હતા. પરંતુ પાછળથી કોંગ્રેસ નેતાગીરીએ ભારતીબેન પટેલને ઉમેદવાર તરીકેનો મેન્ડેટ આપતાં આજે ભારતીબેન પટેલનું ઉમેદવારી પત્ર સ્વિકારવામાં આવ્યું હતું. જ્યારે કુંવરજીભાઈનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું. કુંવરજીભાઈએ નારાજગી વ્યક્ત કર્યા બાદ પક્ષના આદેશને શીરોમાન્ય માન્યો હતો.

**રાજકોટના પૂર્વ મેયર ડાંગરે કોંગ્રેસને રામરામ કર્યા**

રાજકોટના પૂર્વ મેયર અને કોંગ્રેસના આગેવાન અશોક ડાંગરે ટીકીટ ફાળવણીને લઈને પક્ષની નેતાગીરીથી નારાજ થઈ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દઈને પક્ષને રામ રામ કરી દેતાં રાજકોટ કોંગ્રેસમાં ગાબડુ પડવા પામ્યું છે.

## રાજ્યના તમામ મતદાન ક્ષેત્રોમાં મતદારો વિજાણુ મતદાન યંત્રથી મતદાન કરશે

### ગુજરાતમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં ૧૩ અને ૧૭મી ડિસેમ્બરના મતદાન માટે ઉપયોગમાં લેવાનારા ૬૦,૦૦૦ ઉપરાંત વિજાણુ મતદાન યંત્ર

ગાંધીનગર, તા. ૨૬

ભારતના ચૂંટણી પંચે મુક્ત ન્યાયી અને પારદર્શક ચૂંટણીઓ યોજવા તથા શક્ય તેટલી સરળ અને ઝડપથી મતદાન અને સંલગ્ન ચૂંટણી પ્રક્રિયાઓ સંપન્ન થાય તે માટે અનેકવિધ પગલા લીધા છે. જે પૈકીનું એક મહત્વનું અને અગત્યનું પગલુ છે. વિજાણુ મતદાન યંત્ર. ગુજરાત રાજ્યમાં ૧૩ અને ૧૭ ડિસેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનારી વિધાનસભા ચૂંટણીઓમાં તમામે તમામ ૧૮૨ વિધાનસભા મતદાન વિભાગોમાં વિજાણું મતદાન યંત્ર (ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન-ઈ.વી.એમ.) થી મતદાન કરવામાં આવનાર છે. ગુજરાતમાં ૬૦,૦૦૦ ઉપરાંત ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન ઉપયોગમાં લેવાશે. અગાઉ ૨૦૦૭માં ગુજરાતમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી અને ૨૦૦૯માં યોજાયેલી લોકસભા ચૂંટણી વેળા વિજાણુ મતદાન યંત્રો ઉપયોગમાં લેવામાં આવ્યા હતા. વિજાણુ મતદાન યંત્ર હવે ગુજરાતના મતદારો માટે નવી બાબત રહી નથી. ૨૦૦૪માં ગુજરાતમાં લોકસભાની ચૂંટણીઓમાં પણ તમામ મતદાન વિભાગોના મતદારોએ તેમની કિંમતી મત ઈ.વી.એમ. દ્વારા જ આપ્યો હતો. આ વખતની ચૂંટણીમાં પણ ગુજરાતના મતદારો તેમના પ્રતિનિધિઓને વિજાણુ મતદાન યંત્રનું બટન દબાવીને ચૂંટવાના છે.

ભારતના ચૂંટણી પંચે ગુજરાતને નવા સુવિધાપૂર્ણ ઈ.વી.એમ.ની લોકસભાની ચૂંટણી માટે ફાળવણી કરી છે. મતદાન શરૂ થવાનો અને મતદાન પુરૂ થવાનો સમય નોંધાશે. મતદાનની તારીખ પણ ઈ.વી.એમ. બતાવશે.

ઈ.વી.એમ. નિયંત્રણ એકમ અને મતદાન એકમ એમ બે ભાગનું બનેલું હોય છે. મતદાન મશીન મત આપવા માટે કાર્યરત કરાય તે પહેલા નિયંત્રણ એકમ અને મતદાન એકમને વાયરથી જોડવામાં આવે છે. એક મતદાન એકમ ઉપર ૧૬ ઉમેદવારોના નામ મુકી શકાય. આવા ચાર મતદાન એકમ જોડી એક સાથે મહત્તમ ૬૪ ઉમેદવારોનો સમાવેશ કરી શકાય છે. મતદાન એકમ ઉપર અનુક્રમ, ઉમેદવારનું નામ અને તેમને ફાળવવામાં આવેલું ચૂંટણી પ્રતિક હોય છે.

ઉમેદવારની વિગત સામે વાદળી રંગનું બટન હોય છે. મતદારે તેમના મનપસંદ ઉમેદવાર સામેની વાદળી રંગની સ્વીચ દબાવવાની હોય છે. આ વાદળી સ્વીચ દબાવવાની સાથે 'બી...પ...' એવો અવાજ થાય છે અને મતદારોનો કિંમતી મત દર્જ થઈ જાય છે. ઈ.વી.એમ. 'ઓટોમેટીક લોક' થઈ જશે. જો મતદાર ભુલથી કે હાથે કરીને એક સામટી બે કે તેથી વધુ વાદળી સ્વીચ દબાવે તો તેમનો મત 'રજીસ્ટર' જ નહી થાય. ઈ.વી.એમ.નું સૌથી મોટું જમા પાસુ કે તેમાં કોઈ મત રદ નહી થાય.

ઈ.વી.એમ.નો બીજો ભાગ, 'નિયંત્રણ' એકમ કહેવાય છે. નિયંત્રણ એકમ ચૂંટણી લડતા ઉમેદવારોની સંખ્યા, કુલ અપાયેલા મતો, ઉમેદવારે પ્રાપ્ત કરેલા મતો વગેરેની માહિતી દર્શાવે છે. ઈ.વી.એમ. બેટરીથી ચાલે છે. આ બેટરી સળંગ ૨૪ કલાક સુધી કાર્યરત રહી શકે છે. બેટરીનું આયુષ્ય ત્રણ વર્ષ હોય છે. બેટરી કાઢી લીધા પછી પણ ઈ.વી.એમ. માં 'મેમરી લોસ' થતો નથી.

મતદાન પહેલા ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ, બેંગલોર 'બેલ' ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર તમામે તમામ ઈ.વી.એમ. ની પ્રત્યેક સ્વીચ-બટન, લાઈટ, સાઉન્ડ, વાયર વગેરેની ચોકસાઈપૂર્વક ચકાસણી કરી લેશે.

આકસ્મિક સંજોગોમાં ક્યારેક કોઈક મતદાન કેન્દ્રમાં કોઈ ઈ.વી.એમ. કામ કરતુ બંધ થઈ જાય તો ? આવો પ્રશ્ન સહેજે મનમાં ઉદભવે પરંતુ આવી આકસ્મિક ઘટનાઓને પહોંચી વળવા માટે પણ ચૂંટણી તંત્ર સતર્ક હોય છે. ૨૦ ટકા ઈ.વી.એમ. આવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે અનામત રાખવામાં આવતા હોય છે. કોઈપણ ઈ.વી.એમ. કામ કરતું અટકી જાય તો તેને ચાલુ મતદાન પ્રક્રિયામાં 'રીપેર (મરામત)' કરવામાં આવતું નથી, તેને તાત્કાલિક 'રીપ્લેસ (બદલી)' કરવામાં આવે છે.

## ચૂંટણીના બંને તબક્કામાં મતદાનના દિવસે જાહેર રજા

રાજ્ય સરકારે વિધાનસભાની સામાન્ય ચૂંટણીના બંને તબક્કા દરમિયાન મતદાનના દિવસોએ જે તે મતક્ષેત્ર માટે રજા જાહેર કરી છે. જે અંતર્ગત મતદાનના પ્રથમ તબક્કે તા. ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૨ને ગુરૂવારના રોજ જે મતક્ષેત્રોમાં મતદાન યોજાશે તે વિસ્તારની તેમજ બીજા તબક્કાનું તા. ૧૭મી ડિસેમ્બર, ૨૦૧૨ને સોમવારના રોજ જે મતવિસ્તારોમાં મતદાન છે તે વિસ્તારોની સરકારી કચેરીઓ તેમજ બોર્ડ-કોર્પોરેશનમાં જાહેર રજા રહેશે.

## ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકો માટે મદદનીશ ખર્ચ નિરીક્ષકો નિમાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ડિસેમ્બર- ૨૦૧૨ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત પાંચ વિધાનસભા મતવિભાગમાં ચૂંટણી લડતા જે ઉમેદવારોના ખર્ચના નિયંત્રણ હેતુ ભારતીય ચૂંટણી પંચ દ્વારા નિમાયેલ ખર્ચ નિરીક્ષકની સહાય માટે વિધાનસભાની બેઠક અનુસાર પાંચ મદદનીશ ખર્ચ નિરીક્ષકોશ્રીઓની નિમંણુક કરવામાં આવી છે.

જેમાં ૩૪- દહેગામ વિધાનસભા મતદાર વિભાગ માટે બેંક ઓફ બરોડાના ક્રેડિટ ઓફિસર શ્રી લોકેશ કુમાર, મોબાઈલ- ૯૯૭૪૭ ૭૦૫૮૦, ૩૫- ગાંધીનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ માટે ગાંધીનગર ઈન્કમટેક્ષ કચેરીના અધિક કમિશનર શ્રી રાજીવ દીવાકર, મોબાઈલ-૯૪૦૮૭ ૯૧૩૧૫, ૩૬- ગાંધીનગર (ઉત્તર) વિધાનસભા મતદાર વિભાગ માટે દેના બેંકના સિનીયર મેનેજર શ્રી એમ.સી.મુરમુ, મોબાઈલ- ૮૧૪૦૫ ૮૪૪૪૭, ૩૭-માણસા વિધાનસભા મતદાર વિભાગ માટે બેંક ઓફ ઈન્ડિયાના શ્રી ગણેશલાલ ગોટવાલ, મોબાઈલ ૮૯૦૫૭ ૫૨૨૧૭ અને ૩૮-કલોલ વિધાનસભા મતદાર વિભાગ માટે ગાંધીનગર ઈન્કમટેક્ષ કચેરીના અધિક કમિશનર શ્રી જી.જી.ઠાકર, મોબાઈલ- ૯૪૦૮૭ ૯૧૬૨૦ની મદદનીશ ખર્ચ નિરીક્ષક તરીકે નિમણુંક કરવામાં આવી છે.